


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૯ | ૯ મે, ૨૦૧૫, શનિવાર ; વૈશાખ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રિસર્વેની અનિર્ણાયકતા મિલ્કત વેરાની આવક ઘટાડશે

## અનુભવી સ્ટાફની અછત અને વહીવટીય અનિર્ણાયકતાને લઈ તંત્ર પણ અટવાયેલુ છે : મનપાને મિલ્કતવેરાની ધારી આવક નહિ મળે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની વસુલી માટે રિસર્વે કરવાની અસમંજસતાને કારણે તંત્રને આ વખતે અંદાજિત આવકમાં ઘટ રહે તેવી સ્થિતિ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનું બજેટ પસાર થઈ ગયાને બે માસ જેટલો સમય થયો પરંતુ હજુ રિસર્વે માટે કોઈ જ નક્કર નિર્ણય પર તંત્ર પહોંચી શક્યુ નથી અને નવા બિલોની આકારણી સાથે મોકલવાની કામગીરી પણ વિલંબમાં પડી જવા પામી છે.

મહાનગરપાલિકા દ્વારા ચાર વર્ષે મિલ્કતવેરાની નવેસરથી આકારણી કરવાની હોય છે. હાલના દરોને ચાર વર્ષ થઈ ગયા છે. નવા સર્વે માટે બાયસેગની મદદ લેવી કે પછી એજન્સી નિમવી તેને લઈ પણ અસમંજસતા તંત્ર અનુભવી રહ્યું છે.

બાયસેગની મદદથી એરિયલ વ્યુ મળી શકે પરંતુ ડિટેઈલ વર્ક આઉટ શક્ય નથી. જો એજન્સી નિમવી હોય તો ટેન્ડર પ્રક્રિયા કરવી પડે. આ પાછળ ઓછામાં ઓછો બે માસ જેટલો સમયગાળો પસાર થઈ જાય અર્થાત્ જુલાઈમાં આ અંગે એજન્સી નિયત થાય પછી તેની કામગીરી કરવા માટે ઓછામાં ઓછો ચાર માસ જેટલો સમય લાગે અર્થાત્ આ નાણાંકીય વર્ષ પૂર્ણ થવા આવે ત્યારે નવા બિલો બનાવાવની પ્રક્રિયા શરૂ થાય.

જો નવા બિલો આકારણીના આપવામાં આવે તો હાલ જે લોકોએ એડવાન્સ ટેક્સ ભર્યા છે તેના બિલોમાં તફાવતની રકમ ભરવાની થાય. આ બધુ જોતાં હવે ચૂંટણીના વર્ષે જ મનપા નવી આકારણી જાહેર કરશે.

આકારણીના દરો માટે પણ તંત્રમાં અલગથી વિચારણા ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે. આ માટે તંત્ર અન્ય શહેરોમાં જે દરોનું માળખુ છે તેનો અભ્યાસ કરી આખરી કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

ટુંકમાં તંત્રની અસમંજસતાની સ્થિતિ તેમજ ચોક્કસતંત્રની અછતને કારણે મિલ્કતેવરાની નવી આકારણીનો મુદ્દો ટલ્લે ચડી ગયો છે અને હવે ચૂંટણીના વર્ષે જ નવી આકારણી સાથેના બિલો અપાશે તેમ મનાઈ રહ્યું છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે નવી આકારણી નહિ થઈ હોવાને કારણે અંદાજપત્રમાં આવકના જે અંદાજો રાખવામાં આવ્યા છે તેમાં ઘટ રહેવાની શક્યતા છે.

હાલ મનપામાં એડવાન્સ ટેક્સમાં ૧૦ ટકા વળતરને કારણે સારી એવી સંખ્યામાં કરદાતાઓ તેનો લાભ લઈ રહ્યા છે.

મનપામાં હજુ અનુભવી સ્ટાફની અછતને કારણે ઘણી બધી બાબતોમાં તકલીફોનો સામનો તંત્રવાહકોને કરવો પડી રહ્યો છે. આવકના સાધનો સિમીત છે ત્યારે આ ઘટ મોંઘી પુરવાર થઈ રહી છે.



# એકાદ-બે દિવસમાં માવઠાની સંભાવના

## શનિ-રવિ દરમિયાન વાતાવરણમાં પલ્ટો આવી શકે છે

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે વરસાદની સંભાવના વધી

ગાંધીનગર, તા.૮

છેલ્લા એક અઠવાડિયાથી વધુ સમયથી ગાંધીનગરમાં હીટવેવની અસર રહી છે. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીની આસપાસ રહ્યું છે. જો કે એકાદ-બે દિવસમાં જ ગરમીથી થોડીક રાહત મળી શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની સંભાવના વ્યકત કરવામાં આવી છે.

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસોથી હીટ વેવની અસર જોવા મળી રહી છે. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીથી વધુ રહેતા સૌ કોઈ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. લઘુત્તમ તાપમાન ખુબ વધુ રહેતા રાત્રી દરમિયાન પણ જરાય ઠંડક અનુભવાતી નથી. કાળઝાળ ગરમીથી થોડીક રાહત મળે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. આગામી તા. ૯ અને ૧૦મે ના રોજ વાતાવરણમાં પલ્ટો આવવાની સંભાવના છે. ફરીથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાશે જેના કારણે ગુજરાતના કેટલાક ભાગોમાં વાદળછાયુ વાતાવરણ સર્જાશે. વાદળછાયા વાતાવરણના કારણે મહત્તમ તાપમાન ઘટી શકે છે. કેટલાક વિસ્તારોમાં વરસાદ પડવાની શકયતાઓ છે. વાતાવરણમાં પલ્ટાની આગાહી સાથે જ ગાંધીનગરમાં આજે બપોરે આછા વાદળો છવાયા હતા જેના કારણે તાપમાન થોડુંક ઘટયું હતુ જો કે વાદળના કારણે બફારો ખુબ અનુભવાયો હતો.

રાજ્યના જુદા જુદા ભાગોમાં તીવ્ર ગરમીનું મોજુ આજે પણ અકબંધ રહ્યું હતું. આંશિક વાદળછાયુ વાતાવરણ રહ્યું હોવા છતાં અમદાવાદમાં આજે પણ મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં આજે સૌથી વધુ જ્યાં તાપમાન નોંધાયું હતું તેમાં અમરેલીનો સમાવેશ થાય છે. અમરેલીમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી રહ્યું હતુ જ્યારે પાટનગર ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં આજે વાદળછાયુ વાતાવરણ રહેતા સામાન્ય લોકોને તીવ્ર ગરમી વચ્ચે આંશિક રાહત વચ્ચે વચ્ચેના ગાળામાં થઈ હતી.

# જિલ્લા પંચાયતની ૨૮મીએ સામાન્ય સભા

## સામાન્ય ચૂંટણીઓ પૂર્વેની છેલ્લી સામાન્ય સભા : તંત્ર દ્વારા તૈયારીઓ આરંભાઈ : આગામી સપ્તાહમાં એજન્ડા જારી કરાશે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૮મી મે ના રોજ સરદાર હોલમાં મળશે.

શ્રીમતિ હીનાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળનારી આ સામાન્ય સભાને લઈ તંત્ર દ્વારા પ્રાથમિક કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે અને આગામી સપ્તાહના આરંભે આ સામાન્ય સભાનો એજન્ડા જારી કરી દેવામાં આવશે.

પંચાયતની સામાન્ય ચૂંટણી પૂર્વેની આ સભા એ છેલ્લી હશે તેવુ અનુમાન રાજકીય વર્તુળો માની રહ્યા છે. આ સામાન્ય સભામાં પ્રજાના વિકાસકામો તેમિજ પ્રશ્નોને વાચા આપવા ઉપરાંત સત્તાધારી પક્ષ પણ પ્રજાને વિકાસનો હિસાબ આપવા કટિબદ્ધ બની રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે કોંગ્રેસ પક્ષ પણ આ સામાન્ય સભા માટે વિશેષ ઉત્સાહિત દેખાતો નથી. જો કે તેના સભ્યો પણ આ છેલ્લી બેઠક હોવાથી વિસ્તારમાં જનસંપર્ક અભિયાન પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

પંચાયતની આ સામાન્ય સભામાં રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે શાસનનું એક વર્ષ પૂર્ણ કરી રહેલા આનંદીબેનને અભિનંદન આપતો પ્રસ્તાવ પણ પ્રમુખસ્થાનેથી લેવાય તેવી શક્યતાઓ છે.

જિલ્લા પંચાયતની આ સામાન્ય સભામાં વિવિધ સમિતિઓની મળેલી બેઠકોમાં થયેલ કાર્યવાહી અને અમલવારી રજુ કરવામાં આવશે. આ ઉપરાંત વિકાસના કામો જે મંજૂર થઈ આવ્યા છે તેને બહાલી આપવામાં આવશે.

# વર્ગ-૪ના સરકારી કર્મચારીઓની અનાજ પેશગી બમણી કરાઈ


ગાંધીનગર, તા.૮

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજય સરકારના વર્ગ-૪ ના કર્મયોગીઓને અપાતી અનાજ પેશગીની રકમ બમણી કરવાનો સ્તુત્ય નિર્ણય કર્યો છે. શ્રીમતી આનંદીબહેને કરેલા આ કર્મયોગી કલ્યાણ નિર્ણય અનુસાર વર્ગ-૪ ના કર્મયોગીઓને અગાઉ મળતી રૂ. પાંચ હજારની અનાજ પેશગી બદલે હવેથી રૂ. ૧૦ હજાર મળવાપાત્ર થશે.

આ પેશગી ૧૦ સરખા માસિક હપ્તામાં વિનાવ્યાજે વસુલ કરવામાં આવશે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




શોપિંગ મોલ બંધ!

બંધ પડેલા મોલમાં લાખોની કિંમતનો જેન્ટસ, લેડિઝ, ચિલ્ડ્રન ગારમેન્ટસ, શર્ટ,ટી-શર્ટ, જીન્સ, ટ્રાઉઝર્સ,લેડિઝ ઈમ્પોર્ટિડ બ્રા-પેન્ટી, કુર્તી, લેગીગ્સ જેવા ગારમેન્ટસનું એક સાથે ૨ જગ્યાએ વેચાણ

સેલ ફક્ત ૪ દિવસ માટે ૯, ૧૦, ૧૧, ૧૨, મે (શની, રવિ, સોમ, મંગળ)

150 વાળી લેડિઝ વેસ્ટ્રન આઉટફીટ ₹30
200 ઈંપોર્ટેડ બ્રા-પેન્ટી ₹50
250 વાળી લેગીગ્સ ₹100
400 વાળી કુર્તી ₹150
600 વાળી જેન્ટસ ટી-શર્ટ ₹200
750 વાળી શર્ટ, જીન્સ, ટ્રાઉઝર્સ ₹250
950 વાળા કેઝુઅલ/ફોરમલ શર્ટ ₹450

earthOSIS

DENIZEN | Hanes | WESTERN TERRAIN | CHARLIE OUTLAW | GUILTY | skypee | KOUTONS | M 99 | COTTON COUNTY

આના સિવાય આખા હોલમાં એ કલાસ એન્ટ્રી માટે આનાથી વધુ ઘણીબધી વેરાયટીઓ જોવા મળશે.

સેક્ટર-૧૧, ગાંધીનગર
હોટલ પથીકાશ્રમ (AC હોલ)
એસ.ટી.ડેપો પાસે,
જી.એચ.-3 સર્કલ, જી.એચ.રોડ.

બાપુનગર
સીટી ગોલ્ડ સિનેમા
(ડોલી મેરેજ હોલ)
બોમ્બે હાઉસિંગ પાસે,